# દિવાળી સફાઇનો બદલાતો ટ્રેન્ડ

## બે વર્ષ પહેલાં દિવાળીની સફાઇ દરમિયાન મારા હસબન્ડનું નિધન થયું હતું: તારા હલવાવાળા

‘‘મારાથી તો હવે દિવાળીની સફાઇ નથી થતી પણ હા, ઘરમાં દશેરા બાદ દિવાળીની સફાઇ શરૂ થાય ત્યારે હું મારી વહુ પીનલને સફાઇને લઇને યોગ્ય સલાહસૂચન આપતી હોઉં છું.’’ આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતાં ૬૭ વર્ષીય તારાબેન હલવાવાળાના. તારાબેને જણાવ્યું કે, ‘‘પહેલાં અમારો પરિવાર ગોપીપુરા વિસ્તારમાં રહેતો. ત્યાં પણ હું ઘરે સફાઇ કરવા માટે બહેનોને બોલાવતી અને વહુ આવ્યા બાદ પણ દિવાળીની સફાઇ માટે બહારથી બહેનો બોલાવીએ છીએ. મારી ડોટર ઇન લો પીનલને કહું કે વહેલી સવારે રસોઇ બનાવજે. જે બહેનો સફાઇ માટે આવે તેમને ચાનાસ્તો કરાવવાનો અને તેમને જમાડવાનાં. મારી ડોટર ઇન લો પણ આ સફાઇવાળાં બહેનો સાથે સફાઇનાં અમુક કામો કરે જેમ કે, અભરાઇ પરનો સામાન નીચે ઉતારવામાં આવે એટલે તેને ઝાટકીને સાફ કરીને ફરી ઉપર ગોઠવવાના. અમારા ઘરમાં બે દિવસ તો દિવાળીની સફાઇ ચાલે જ. બે વર્ષ પહેલાં દિવાળીની સફાઇ માટે ઘરે બહેનોને બોલાવ્યાં હતાં અને સફાઇ શરૂ થવાની જ હતી ત્યારે મારા હસબન્ડનું નિધન થયું હતું ત્યારે અમે દિવાળીની સફાઇનું કામ પડતું મૂક્યું હતું. થોડાં વર્ષ પહેલાં દિવાળીની સફાઇ ચાલતી હતી તે વખતે અચાનક જ મારી ડોટર ઇન લોને તાવ ભરાયો હતો. અચાનક વહુને તાવ ભરાતાં સફાઇવાળાં બહેનોને પાછાં મોકલી દીધાં હતાં અને બે દિવસ પછી આવવાનું કહ્યું હતું. દિવાળીની સફાઇ ચાલતી હતી ત્યારે જ આ બે કિસ્સા બનતાં તે જીવનભર ક્યારેય ભુલાશે નહીં.’’





## ક્લિનિંગ એજન્સીનું કામ સારું હોય છે એટલે ત્રણ વર્ષથી સફાઇ એમની પાસે કરાવું છું: અંકિતા જરીવાળા

અંકિતાબેન છેલ્લાં ત્રણ વર્ષથી ક્લિનિંગ એજન્સીના માણસો પાસેથી દિવાળીની ઘરની સફાઇ કરાવે છે. ગોપીપુરા વિસ્તારમાં રહેતાં 44 વર્ષીય અંકિતા જરીવાળા વ્યવસાયે આર્કીટિક્ટ છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારા પરિવારમાં હું, મારા હસબન્ડ, દીકરો અને દીકરી તથા સાસુ છે. મારાં સાસુ એજેડ છે અને હું પણ વર્કિંગ છું એટલે દિવાળીના ફેસ્ટિવલ સમયે મને ઘરની સાફસફાઇ માટે સમય મળે, ના મળે એટલે ત્રણ વર્ષથી દિવાળી પહેલાં ક્લિનિંગ એજન્સીના માણસોને બોલાવું. તેઓ બાથરૂમ- ટોયલેટ, ઘરનાં બધાં બારીબારણાં, પાર્કિંગ અને વોર્ડરોબની આઉટર સરફેસની સફાઇ કરે. ફેસ્ટિવલ સમયે ઘરની સફાઇ માટે ક્લિનિંગ એજન્સીની એપોઇન્ટમેન્ટ લેવી પડે. મને સમય મળે તે પ્રમાણે હું દિવાળી પહેલાં અલગ અલગ ત્રણ સમયે બોલાવી આ સફાઇનું કામ કરાવું. મને સમય મળે ત્યારે એટલા માટે બોલવું કે તેમણે કેટલું કામ કર્યું અને કેવું કામ કર્યું તે ધ્યાન રહે. વોર્ડરોબની અંદરની સફાઇ અને ઘરનાં તાંબાપિત્તળનાં વાસણોની સફાઇ કામવાળાં બેનો પાસે કરાવું. જો એક જ દિવસમાં સફાઇ કરાવવી હોય તો ક્લિનિંગ એજન્સીના વધારે માણસો આવે. હું એક જ દિવસમાં સફાઇનું કામ નહીં કરાવું પણ મને સમય મળે એ પ્રમાણે ત્રણેક વખત બોલાવું એટલે એજન્સીના બે માણસો આવે. ત્રણેક વર્ષ પહેલાં કામવાળાં બેનો અને હું તથા મારાં સાસુ દિવાળી પહેલાં સાફસફાઇ કરી લેતાં. અમે બે- ત્રણ દિવસમાં વોલ ક્લિનિંગ, પંખા ક્લિનિંગ, જૂનાં વાસણોની સફાઇ મુવેબલ સામાન હટાવીને કરી લેતાં. ક્યારેક અમુક સફાઇ દિવાળી પર જ કરવી એવું જરૂરી ના લાગે તો તે મારા સમયની અનુકૂળતા પ્રમાણે વર્ષમાં ગમે ત્યારે કામ કરાવી લઉં. આપણે જે સફાઇ કરીએ કે કામવાળાં બહેનો કરે તેના કરતાં વધારે ચોખ્ખું અને સારુ ક્લિનિંગ એજન્સીના માણસો કરે. હું આર્કિટેક્ટ છું એટલે મારી સાઇટનું કામ કમ્પ્લીટ થાય ત્યારે ડીપ ક્લિનિંગની જરૂર પડે એટલે બેત્રણ એજન્સીનો કોન્ટેક્ટ થતાં મેં મારા ઘરની સફાઇ માટે પણ તેમની મદદ લેવાનું સ્ટાર્ટ કર્યું.’’



દશેરા ઉજવાઈ જાય પછી દરેક ભારતીયોના ઘરમાં દિવાળી પર્વને લઈને ઘરની સાફસફાઈ શરૂ કરી દેવાય છે. આ પરંપરા પ્રાચીન કાળથી જળવાઈ રહી છે. દિવાળી પર્વ પર માતા લક્ષ્મીની પૂજા કરાય છે. મા લક્ષ્મી જે ઘર સ્વચ્છ, સુઘડ દેખાય ત્યાં પગલાં પાડે છે. આ માન્યતાને કારણે ઘરનો ખૂણેખૂણો સાફ કરી ઘરમાં રહેલી ધૂળ ઝાટકી કાઢવામાં આવે છે. દિવાળી પર ઘરની સફાઈ માટેનું વૈજ્ઞાનિક કારણ પણ રહ્યું છે. દિવાળીનો તહેવાર ચોમાસા પછી આવે છે. ચોમાસા દરમિયાન ભેજ, ધૂળ અને ગંદકીને કારણે ઘરના કેટલાક ભાગોમાં ફૂગ અથવા જીવાતો થવાની શક્યતા વધી શકે છે. તેથી દિવાળી પહેલાં ઘરની ઊંડી સફાઈ કરવાથી આ સમસ્યા દૂર થાય છે. ઘરના બધા જ સભ્યો સાથે મળીને ઘરની સફાઈમાં લાગી જતા હોય છે એટલે ઘરમાં સુમેળની ભાવના વધતી હોય છે. સાફસફાઈ દરમિયાન ઘરમાં ઉપયોગી નહીં હોય તેવી વસ્તુઓ ઘરની બહાર કરવામાં આવે છે એટલે ઘરમાં નવી વસ્તુ માટે જગ્યા થાય છે. જૂની વસ્તુરૂપી નકારાત્મકતા દૂર કરી નવી વસ્તુરૂપી પોઝિટિવ ઊર્જા ઘરમાં આવે છે. સમય બદલાયો એટલે ઘરમાં દિવાળીની સફાઈના તરીકા બદલાયા છે છતાં કેટલાંય ઘરોમાં દિવાળી પર્વને લઈને સફાઈની પરંપરા હજી જળવાઈ રહી છે. ચાલો આપણે કેટલીક મહિલાઓને મળીને જાણીએ કે તેઓ દિવાળી પહેલાં ઘરની સાફસફાઈ કઈ રીતે કરે છે, શું તેઓ હજી સફાઈની જૂની પરંપરાને વળગી રહ્યાં છે કે પછી નવી રીતો અપનાવી છે?



## જાતે કરેલી સફાઇ બેસ્ટ હોય પણ વર્કિંગ છીએ એટલે ક્લિનિંગ એજન્સી પાસે ઘરની સફાઇ કરાવીએ: સ્વપ્ના ભટ્ટ

વેસુ વિસ્તારમાં રહેતાં 41 વર્ષીય સ્વપ્નાબેન ભટ્ટ બેંકર છે. (બેંકમાં જોબ કરે છે) તેમની સાથે તેમની મમ્મી અને નાની સિસ્ટર પણ રહે છે. બંને સિસ્ટર વર્કિંગ હોવાથી છેલ્લાં બે વર્ષથી ક્લિનિંગ એજન્સીના માણસોને બોલાવી દિવાળીની સફાઇ મોટાભાગે એક જ દિવસમાં પતાવી દે છે. તેમણે જણાવ્યું કે, ‘‘અમારું થ્રી બેડરૂમ, હોલ, કિચનનું ઘર છે. પહેલાં અમે બંને બહેનો મમ્મી જે રીતે ગાઇડન્સ આપે તે રીતે ઘરમાં દિવાળીની સફાઇ અઠવાડિયું, દસ દિવસ કરતાં પણ હવે ઓફિસમાં વધારે કામ કરવાનું આવે એટલે ઓફિસનાં કામોથી જ થાકેલાં હોઈએ ત્યાં ઘરમાં દિવાળીની સફાઇનું કામ ક્યાં લઈને બેસીએ! વળી કામવાળાં બહેનો પાસે ઘરનું ક્લિનિંગનું કામ કરાવીએ એના કરતાં સારું કામ ક્લિનિંગ એજન્સીના માણસો કરી આપે. આપણે તો બસ તેમની સાથે રહી સફાઇ ક્યાં ક્યાં કરવાની છે તેની ઇન્સ્ટ્રક્શન આપવાની હોય. પ્રોફેશનલ ક્લિનિંગ સર્વિસીસના માણસો ઘર ધોવાનું, ઘરની દીવાલો ક્લીન કરવાની, તાંબાપિત્તળનાં વાસણો, ક્રોકરી વોશ કરી સરસ રીતે લૂછી કબાટમાં, શો કેસમાં વ્યવસ્થિત ગોઠવી પણ દેતા હોય. ક્લિનિંગ એજન્સીને પર ડેનો ચાર્જ ચૂકવી સવારે ૭થી સાંજે ૪ વાગ્યા સુધી સફાઇનું કામ મોટાભાગે એક દિવસમાં કરાવી લઈએ. હવે તો બહાર જઈને નોકરી કરો કે કામધંધો સમય વધારે આપવો પડે છે એટલે થાકી જવાય એમાં દિવાળીની સફાઇનું એક્સ્ટ્રા વર્ક ના થાય, જ્યાં સુધી થયું ત્યાં સુધી કર્યું પણ હવે સાફસૂફી માટે બહારથી માણસો બોલાવવા પડે છે. હવે મમ્મીની એજ પણ 73 વર્ષની ઉપર થઇ ગઇ છે તેઓ પણ હવે હેલ્પ નથી કરી શકતાં. કામધંધામાં વ્યસ્ત રહીએ છીએ પણ દિવાળીની સફાઇની પરંપરા દરેક વર્ષે નિભાવી છે, ક્યારેય કંટાળો નથી કર્યો કે ક્યારેય સાફસૂફી આ વર્ષે નથી કરવી એવું વિચારી હાથ ઝાટક્યા નથી.’’

## ક્લિનિંગ એજન્સીની સફાઇ પર વિશ્વાસ નથી, મારાં દેરાણી સફાઇ કામમાં મદદે આવે: રમીલા વાડોલીયા

‘‘મને ઘણી વખત થાય કે દિવાળીની સફાઇ એકલા હાથે નથી થતી તો ક્લિનિંગ એજન્સીની મદદ સફાઇ માટે લઉં પણ પછી એ સફાઇ કેવી કરતા હશે એવો પ્રશ્ન થાય એટલે પછી ક્લિનિંગ એજન્સીના માણસોને બોલાવવાનો વિચાર માંડી વાળું.’’ આ શબ્દો છે ડભોલી ચાર રસ્તા વિસ્તારમાં રહેતાં 41 વર્ષીય રમીલાબેન વાડોલીયાના. તેઓ હાઉસ વાઇફ છે અને ઘરેથી ટેલરીંગનું કામ કરે છે. તેમણે જણાવ્યું કે, ‘‘નવરાત્રી પછી મારા ઘરમાં દિવાળીની સફાઇનું કામ શરૂ થાય. મારાથી એકલા હાથે બધી સફાઇ ના થાય એટલે હું હેલ્પર બહેનોને ઘરની સફાઇ માટે બોલાવું. ક્યારેક મારાં સાસુ પણ હેલ્પ માટે આવે અને દેરાણી પણ આવી જાય. મારી દેરાણી સિંગણપોર ચાર રસ્તા વિસ્તારમાં રહે. મધર ઇન લો પણ તેમની સાથે જ રહે છે. હું પણ મારી દેરાણીને તેના ઘરની દિવાળીની સફાઇમાં હેલ્પ કરવા જાઉં. આમ, એકબીજાના સહકારથી સફાઇનું કામ કરી લઇએ. દિવાળીની સફાઇમાં ગાદલાંગોદડાં તપાવવાં નાખીએ, ટેરેસ, દાદર ધોવાના હોય, કિચનની સફાઇ હોય, પાર્કિંગ ધોવાનું હોય. પિત્તળ અને તાંબનાં વાસણો માંજીને ચકાચક કરવાનાં હોય. મારા મધર ઇન લોએ મને પિત્તળનાં ઘણાં વાસણો જેમ કે, ગ્લાસ, ટ્રે, જગ, થાળી, વાટકા, તાંબાના પાણી ચઢાવવાના લોટા, તરભાણું, તાંબાનાં ત્રાસ આપ્યાં છે. જે દર વર્ષે દિવાળીમાં ઉમંગથી ઘસીને ચકાચક કરીએ. મોટાભાગે આ વાસણો હું જાતે જ ઘસીને સાફ કરું. હું તો દિવાળીની સફાઇ વખતે ટાઇલ્સ પર લિકવિડ નાખીને સફાઇ કરતી વેળા ઘણી વખત લપસી પણ છું. અભરાઇ પરથી ડબ્બા કાઢતી વખતે ડબ્બા માથે વાગ્યા પણ છે. વાસણ ઘસતી અને ધોતી વેળા હાથનાં આંગળાં પાણીમાં રહેવાથી ખરાબ પણ થયાં છે. છતાં એકેય વર્ષ એવું નથી ગયું કે દિવાળીની સફાઇ ના કરી હોય.’’



## દિવાળી નજીક હોય ત્યારે કોઈ ને કોઈ કામ આવી જાય તો ઘરની સાફસૂફીનું કામ માંડી પણ વાળવું પડે : ઝંખના ગોસ્વામી

ઘરમાં દિવાળીની સાફસૂફીનું કામ શરૂ થાય ત્યારે ઝંખનાબેનને આ કામમાં તેમનાં સાસુ પણ મદદ કરે. પિત્તળનાં મોટાં તપેલા માંજવાનાં આવે ત્યારે તેમની સાસુ આ વાસણો સાથે સંકળાયેલી તેમની જૂની યાદોને પણ તાજી કરે. સાસુસસરા વર્ષો પહેલાં માંડવી પાસે લોજ ચલાવતાં ત્યારે આ વાસણો કેવી મહેનતથી વસાવેલાં તેની યાદો તાજી કરે. ઝંખનાબેન વર્કિંગ વુમન છે તો ક્યારેક એવું પણ થાય કે, વર્કલોડ હોય તો દિવાળીની ઘરની સફાઇ માંડી વાળવી પડે અને પછી તો આળસ આવે એટલે સફાઇની વાત વિસારે પડી જાય. જો કે તેમના ઘરમાં રોજની અને વીકલી સાફસફાઇ થતી જ હોય એટલે દિવાળીની સફાઇ ના થાય તો વાંધો નથી આવતો. કામરેજ તાલુકાના ખોલવડમાં રહેતાં 38 વર્ષીય ઝંખના ગોસ્વામી SMC સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલમાં ટીચર છે. તેમણે જણાવ્યું કે, ‘‘આમ તો શ્રાદ્ધ શરૂ થાય એ પછી સ્કૂલોમાં જેમ જેમ રજા આવતી જાય ત્યારે દિવાળીની સફાઇ ઘરમાં શરૂ થઇ જાય. ઘરમાં કામ કરવા આવતાં માસી દિવાળીની પ્રતિ દિન મજૂરીથી સફાઇ કરી આપતાં બહેનોની વ્યવસ્થા કરી આપે. આવી એક બહેન રોજના 700 થી લઇને 1000 રૂ. મજૂરી લે. જો ટુકડે ટુકડે કામ કરવાનું હોય તો દિવાળી પહેલાંના ત્રણ રવિવાર આવી બહેનોની મદદથી દિવાળીની મહાસફાઇ કરીએ. અભરાઇ પરનાં વાસણો ઉતારી તેને માંજવાનાં, ધોવાનાં અને સૂકા કટકાથી કોરાં કરી ફરી અભરાઇ પર ચઢાવવાનાં. પંખા, જૂના કબાટોને સાફ કરવાનાં. જૂની પસ્તી કાઢવાની, ગાદલાંગોદડાં તપાવવાં મૂકવાનાં. આ સફાઇમાં મારાં સાસુ પણ મદદ કરે. એમને તો દિવાળીની આ સફાઇમાં બહુ ઇન્ટરેસ્ટ પડે. જૂની યાદો પણ તાજી કરતા જાય. એવું પણ બનતું હોય છે કે, દિવાળી નજીક હોય ત્યારે BLO (બુથ લેવલ ઓફિસર) ની કામગીરી મતદાન મથકો પર કરવાની હોય. ફોર્મ ઓનલાઇન કરવાનાં, ફોર્મ અપલોડ કરવાનાં આ કામો સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી કરવાનાં આવે. વળી, દિવાળી આસપાસ મોટા ભાગે સ્કૂલોમાં પરીક્ષા હોય એટલે સફાઇ માટે ટાઇમ ના પણ મળે. આ વખતે તો ચાર રવિવાર BLO ની કામગીરી કરવાની હોવાથી આ વખતે દિવાળીની સફાઇ માંડી વાળવી પડશે. એક વાર દિવાળી સમયે સ્કૂલોમાં પરીક્ષા હોવાથી આ સફાઇ મેં દિવાળી વેકેશનમાં કરી હતી. જો દિવાળીમાં સફાઇ નહીં થઇ તો પછી આળસમાં સફાઇ ઘણા સમય સુધી નહીં થાય. જો કે ઘરમાં રોજની સફાઇ કરાતી હોવાથી દિવાળીની સફાઇ ના થઇ શકી તો વાંધો નથી આવતો.’’



## વર્કિંગ છું એટલે દિવાળીની સફાઇ પૂરી કરતા અઠવાડિયું લાગે, સાસુ ગાઇડન્સ આપે : પ્રિયા નાયક

પ્રિયાબેન વ્યવસાયે આર્કિટેક્ટ છે. તેઓને ઓફિસેથી ઘરે આવતાં સાંજના 6 વાગી જાય. તેમનાં સાસુ 73 વર્ષનાં છે. દિવાળીની સફાઇ ઘરમાં દશેરા પછી શરૂ થાય પણ રોજ થોડી થોડી સફાઇ કરે એટલે આ સફાઇમાં કમસે કમ અઠવાડિયાનો સમય નીકળી જાય. કામવાળા બેનની મદદથી અને સાસુની સલાહ લઇને સફાઇ કામ થતું હોય. તેમનાં સાસુ યંગ હતાં ત્યારે કડોદરા પાસેના હલધરુ ગામમાં કાચા મકાનમાં રહેતાં. એ વખતે તો સાસુ યંગ હતા એટલે જાતે જ માળિયે ચઢીને માળિયા પરની વસ્તુઓ નીચે ઉતારી તેની સાફસફાઇ કરીને ફરી માળિયે સામાન ગોઠવતાં. જો કે હવે તેમની ઉંમર થઇ ગઇ છે છતાં બેસીને જેટલું કામ થઇ શકે તેટલું કરે છે. અડાજણ વિસ્તારમાં રહેતાં 40 વર્ષીય પ્રિયાબેન નાયકે જણાવ્યું કે, ‘‘હું વર્કિંગ છું પણ દિવાળીની સફાઇ દર વર્ષે કરું જ. દશેરા પછીથી કામવાળા બેનને બોલાવી ગાદલાં તપાવવાં મૂકવાનાં, અભરાઇ પરની સફાઇ કરવાની. અમારા ઘરમાં તો પિત્તળના મોટા થાળા, તપેલાં છે તે ઘસવાનું કામ હેલ્પર બેનની મદદથી કરું. જૂનાં વાસણો સાફ કરવાનાં, લૂછવાનાં આ કામ તો હું જ કરું. બારીબારણાંની સફાઇ કામવાળાં બેન પાસે કરાવી લઇએ. મારાં સાસુ રંજનબેન મને સલાહ આપે આ વસ્તુઓ સાફસફાઇ બાદ આ રીતે ગોઠવવાની અને તેમની સલાહ પ્રમાણે હું સામાનની ગોઠવણી કરું. શનિવારે અને રવિવારે મારે રજા હોય ત્યારે વધારે કામ કરી લઇએ. મારાં સાસુ એમના રૂમની થાય એટલી સાફસફાઇ કરી લેતા હોય કેમ કે તેમને પણ દિવાળીની સફાઇનો ઉત્સાહ હોય.’’



પ્રિયાબેનનાં સાસુ રંજનબેને જણાવ્યું કે, ‘‘મારા મેરેજ થયા ત્યારે અમે કડોદરાની આગળ હલધરુમાં રહેતાં ત્યારે તો કાચાં કાચાં ઘર હતાં. ઘરને લીંપવાનાં હોય, મેડી પર ગોઠવેલો જૂનો સમાન નીચે ઉતારી તેની સફાઇ કરવાની, પછી ફરી મેડી પર સામાન ચઢાવવાનું કામ કરતાં. ત્યારે તો જાતે જ દિવાળીની ઘરની સફાઇ થતી. હવે ઉંમર થઇ તો બે વર્ષથી દિવાળીની સફાઇમાં બહુ ધ્યાન નથી અપાતું પણ નાનાં નાનાં કામ કરું અને મારી વહુને સફાઇનાં કામમાં થોડી ઘણી સલાહ પણ આપું. ઘરમાં અનાવશ્યક સામાન ગરીબોને આપી દઇએ. પહેલાં તો ઉત્સાહપૂર્વકની સફાઇ કરતી વેળા પડ્યાં પણ હતાં. પાણી ઢોળાયું હોય અને ઉતાવળ ઉતાવળમાં તે દેખાય નહીં તો પાણી પરથી પગ લપસતો પણ ખરો અને પડતાં પણ ખરાં પણ એ સફાઇનો ઉમંગ અલગ જ રહેતો.’’



**એક સમય હતો જ્યારે દિવાળીની સફાઈ માટે ઘરના તમામ સભ્યો સાથે મળીને કામ કરતા હતા. ઘરના વડીલોથી લઈને બાળકો સુધી દરેકને અલગ અલગ જવાબદારીઓ સોંપવામાં આવતી. કોઈ કબાટ સાફ કરતું તો કોઈ વાસણો ચમકાવતું. હવે સમયની સાથે દિવાળીની સફાઈની રીતમાં પણ બદલાવ આવ્યો છે. નોકરી અને વ્યવસાયમાં વ્યસ્ત રહેતાં પરિવારો સફાઈ માટે અગાઉથી આયોજન કરે છે, તો કેટલાક પરિવારો પ્રોફેશનલ ક્લિનિંગ સર્વિસની મદદ લે છે, તો કેટલાક વેક્યુમ ક્લીનર, સ્ટીમ ક્લીનર અને અન્ય આધુનિક સાધનોનો ઉપયોગ કરે છે. જો કે આજે પણ ઘણાં ઘરોમાં દિવાળીની સફાઈ આખો પરિવાર સાથે મળીને કરવાનું પસંદ કરે છે.**